સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 45**

[NOVEMBER - 2023]
[05/11/23 to 10/11/23]

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**05 NOV-2023**

- દિવસ મહિમા : 05 નવેમ્બર, વિશ્વ સુનામી જાગૃતિ દિવસ (World Tsunami Awareness Day)........ 02
- Adaptation Gap Report, 2023........ 02
- વાનખેડે સ્ટેડિયમમાં શ્રી સચિન તેંડુલકરના સ્ટેચ્યૂનું અનાવરણ........ 04
- QUESTION ANSWERS........ 05

**06 NOV-2023**

- દિવસ મહિમા : 06 નવેમ્બર, યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને અટકાવવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ........ 06
- ભારતનું ડીપ ઓશન મિશન (India's Deep Ocean Mission)........ 06
- શ્રી નીરજ ચોપરા વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર એવોર્ડ 2023 માટે નામાંકિત........ 08
- QUESTION ANSWERS........ 10

**07 NOV-2023**

- દિવસ મહિમા : 07 નવેમ્બર, રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ (National Cancer Awarness Day), બાળ સુરક્ષા દિવસ........ 11
- કેન્દ્રીય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનર તરીકે શ્રી હીરાલાલ સામરીયાની નિમણૂક........ 11
- IIT ગાંધીનગર ખાતે ઓસ્ટ્રેલિયા ઇન્ડિયા એજ્યુકેશન એન્ડ સ્કિલ્સ કાઉન્સિલ (AIESC)ની પ્રથમ બેઠક........ 13
- શ્રી એન્જેલો મેથ્યુઝ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ટાઇમઆઉટ થનાર પ્રથમ ખેલાડી........ 15
- QUESTION ANSWERS........ 17

**08 NOV-2023**

- દિવસ મહિમા : 08 નવેમ્બર, વિશ્વ શહેરીકરણ દિવસ (World Urbanisam Day)........ 18
- હોકીની વિમેન્સ એશિયન ચેમ્પિયન ટ્રોફી 2023 : ભારત ચેમ્પિયન........ 18
- ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે શ્રી હર્ષદ ત્રિવેદી ચૂંટાયા........ 18
- QUESTION ANSWERS........ 21

**09 NOV-2023**

- દિવસ મહિમા : 09 નવેમ્બર, International Day to end Impunity for Crimes Against Journalist........ 22
- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનું વિસ્તરણ........ 22
- FIDE ગ્રાન્ડ સ્વિસ ઓપન, 2023........ 23
- QUESTION ANSWERS........ 24

**10 NOV-2023**

- દિવસ મહિમા : 10 નવેમ્બર, શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ, પરિવહન દિવસ........ 25
- IREDAએ CSR પોર્ટલ લોન્ચ કર્યુ........ 25
- ભારતે પ્રલય વ્યૂહાત્મક બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ........ 25
- QUESTION ANSWERS........ 27

**ONE LINER**........ 28

**QUESTION OF THIS WEEK**........ 33


INSTITUTE FOR COMPETITIVE EXAMS

**આ દિવાળીના પાવન પર્વ નિમિત્તે આપને અને આપના પરિવારને સુખ, શાંતિ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય, સમન્વય, સહકાર, સિદ્ધિ, સુરક્ષા, શૌર્ય, સંયમ અને સફળતા મળી રહે એવી હાર્દિક શુભકામનાઓ સાથે.....**

**HAPPY DIWALI & HAPPY NEW YEAR.......**

**– મૌલિક ગોંધિયા**

## દિવસ મહિમા : 05 નવેમ્બર, વિશ્વ સુનામી જાગૃતિ દિવસ (World Tsunami Awareness Day)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 5 નવેમ્બરના રોજ 'વિશ્વ સુનામી જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ સુનામી જાગૃતિ દિવસની ઉજવણી 'સુનામી' જેવી ઘાતક આપત્તિ વિશે સામાન્ય લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે.
- યુનાઈટેડ નેશન્સ અનુસાર 'સુનામી' શબ્દ જાપાનમાંથી આવ્યો છે, જ્યાં 'સુ' શબ્દનો અર્થ 'બંદર' અને 'નામી' શબ્દનો અર્થ 'તરંગ' (મોજા) થાય છે.
- ઘણીવાર મજબૂત ધરતીકંપ દરમિયાન સમુદ્રની પ્લેટ કેટલાંક મીટર ખસે છે, જેના પરીણામે સમુદ્રની સપાટી પરનું પાણી મોટા મોજાના સ્વરૂપમાં ઉછળે છે. આ મજબૂત અને ઊંચા મોજાને સપાટી પર સુનામી કહેવામાં આવે છે.
- વર્ષ 2004માં હિંદ મહાસાગરમાં સૌથી ભયંકર સુનામી પછી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ દર વર્ષ 5 નવેમ્બરને 'વિશ્વ સુનામી જાગૃતિ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યુ હતું.
- યુનાઈટેડ નેશન્સે 2015માં આ દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી. આ દિવસ ઉજવવા માટે જાપાન દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી.

## Adaptation Gap Report, 2023



તાજેતરમાં UNEP દ્વારા 'એડેપ્ટેશન ગેપ રિપોર્ટ, 2023' બહાર પાડવામાં આવ્યો હતો.

- આ રિપોર્ટ અનુસાર વિકાસશીલ દેશોને અર્થપૂર્ણ અનુકૂલન ક્રિયાઓ માટે આ દાયકામાં દર વર્ષે ઓછામાં ઓછા 215 બિલિયન યુ.એસ. ડોલરની જરૂર છે.
- 2021માં અનુકૂલન પ્રોજેક્ટ્સ માટે વિકાસશીલ દેશોને લગભગ 21 બિલિયન અમેરિકન ડોલર આપવામાં આવ્યા હતા, જે પાછલા વર્ષો કરતા લગભગ 15% ઓછા હતા.
- આ વર્ષનો અહેવાલ અનુકૂલન અથવા અનુકૂલન પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે ભંડોળની ઉપલબ્ધતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રિપોર્ટની મુખ્ય વિશેષતાઓ

### અનુકૂલન ફાઈનાન્સ ગેપ

અહેવાલના નિષ્ણાતોએ જણાવ્યું કે સ્થાનિક કે ખાનગી ભંડોળના સ્ત્રોતો અનુકૂલન ફાઈનાન્સ ગેપને બંધ કરવામાં સક્ષમ નથી, ખાસ કરીને ઓછા વિકાસશીલ દેશો અને નાના ટાપુ વિકાસશીલ રાષ્ટ્રો સહિત ઓછી આવક ધરાવતા દેશોમાં.

- અનુકૂલન ફાઈનાન્સ ગેપ અંદાજિત અનુકૂલન ધિરાણ જરૂરિયાતો અને ખર્ચ તથા નાણા પ્રવાહના અંતરને દર્શાવે છે, જે સમય જતા વિસ્તર્યું છે.
- અનુકૂલન ગેપ અથવા અંતર વર્તમાન આંતરરાષ્ટ્રીય અનુકૂલન ફાઈનાન્સ પ્રવાહો કરતા **10-12 ગણો** મોટો હોવાની સંભાવના છે, જે ભૂતકાળના અંદાજો કરતા લગભગ **50%** વધારે છે.
- વર્તમાન અનુકૂલન ફાઈનાન્સ ગેપ હવે વાર્ષિક 194 થી 366 બિલિયન હોવાનો અંદાજ છે.

### ફાઈનાન્સ અથવા ધિરાણમાં લિંગ સમાનતા

અનુકૂલન માટે આંતરરાષ્ટ્રીય જાહેર ધિરાણના માત્ર **2%**, જે લિંગ સમાનતાને પ્રાથમિક ધ્યેય તરીકે સૂચિબદ્ધ કરે છે. તેનું મૂલ્યાંકન લિંગ પ્રતિભાવ તરીકે કરવામાં આવ્યું છે, બાકીના **24%** કાં તો લિંગ–વિશિષ્ટ અથવા સંકલિત છે.

### રાષ્ટ્રીય સ્તરે અનુકૂલન આયોજન વધી રહ્યું છે

આ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે **85% દેશો** પાસે હવે આબોહવા પરિવર્તનના પડકારોનો સામનો કરવા માટે ઓછામાં ઓછું એક રાષ્ટ્રીય સ્તરનું અનુકૂલન આયોજન સાધન છે, જેમ કે નીતિ, વ્યૂહરચના અથવા યોજના.

### વધતી જતી વૈશ્વિક ફાઈનાન્સ ગેપ

અનુકૂલન ગેપ રિપોર્ટનો અંદાજ છે કે વર્તમાન વૈશ્વિક અનુકૂલન ફાઈનાન્સ ગેપ, જરૂરિયાતો અને વાસ્તવિક નાણાકીય પ્રવાહો વચ્ચેના તફાવતને રજૂ કરે છે, જે વાર્ષિક 194 બિલિયન ડોલરથી 366 બિલિયન ડોલર સુધીની છે.

**નોંધ :** (1) એડેપ્ટેશન ગેપ રિપોર્ટ એ વાર્ષિક UNEP ફ્લેગશિપ પ્રકાશન છે.

(2) UNEP દ્વારા વર્ષ 2014થી દર વર્ષે આ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(3) રિપોર્ટનો પ્રાથમિક ઉદ્દેશ UNFCCC સભ્ય દેશોના વાટાઘાટકારોને અને વ્યાપક UNFCCC મતવિસ્તારને વૈશ્વિક અને પ્રાદેશિક સ્તરે આબોહવા અનુકૂલનની સ્થિતિ અને વલણો વિશે જાણ કરવાનો છે.

(4) UNEPનું પૂરું નામ '<u>યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ</u>' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વાનખેડે સ્ટેડિયમમાં શ્રી સચિન તેંડુલકરના સ્ટેચ્યૂનું અનાવરણ



તાજેતરમાં <u>મુંબઈ</u>ના <u>વાનખેડે સ્ટેડિયમ</u> ખાતે મહાન ક્રિકેટર <u>શ્રી સચિન તેંડુલકર</u>ની ભવ્ય પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

- આ પ્રસંગે BCCIના સેક્રેટરી શ્રી જયશાહ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે, બોર્ડના ઉપપ્રમુખ શ્રી રાજીવ શુકલા સહિત અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.
- શ્રી સચિન તેંડુલકરની <u>14 ફૂટની ઊંચી પ્રતિમા</u> લોફટેડ ડ્રાઈવ શોટ ઉપર છે.
- આ સ્ટેચ્યુ વાનખેડે સ્ટેડિયમમાં સચિન તેંડુલકર સ્ટેન્ડ અને વિજય મર્ચન્ટ સ્ટેન્ડની વચ્ચે મુકવામાં આવી છે.







1. 'વિશ્વ સુનામી જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 નવેમ્બર (B) 6 નવેમ્બર (C) 7 નવેમ્બર (D) 8 નવેમ્બર **(A)**

2. તાજેતરમાં બહાર પાડવામાં આવેલ 'Adaptation Gap Report, 2023' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ વર્લ્ડ બેંક દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.
2. આ રિપોર્ટ અનુસાર વિકાસશીલ દેશોને અર્થપૂર્ણ અનુકૂલન ક્રિયાઓ માટે આ દાયકામાં દર વર્ષે ઓછામાં ઓછા 215 બિલિયન યુ.એસ. ડોલરની જરૂર છે.
3. આ રિપોર્ટ અનુસાર 2021માં અનુકૂલન પ્રોજેક્ટ્સ માટે વિકાસશીલ દેશોને લગભગ 21 બિલિયન અમેરિકન ડોલર આપવામાં આવ્યા હતા, જે પાછલા વર્ષો કરતા લગભગ 15% ઓછા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 2 (D) 1, 2 અને 3 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. તાજેતરમાં કઈ સંસ્થાએ 'એડેપ્ટેશન ગેપ રિપોર્ટ 2023' બહાર પાડ્યો હતો ?

(A) UNESCO (B) World Bank (C) IMF (D) UNEP **(D)**

4. તાજેતરમાં કયા સ્ટેડિયમમાં શ્રી સચિન તેંડુલકરની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું ?

(A) નરેન્દ્ર મોદી સ્ટેડિયમ (B) અરૂણ જેટલી સ્ટેડિયમ

(C) વાનખેડે સ્ટેડિયમ (D) પૂણે સ્ટેડિયમ **(C)**

## દિવસ મહિમા : 06 નવેમ્બર, યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને અટકાવવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

## ભારતનું ડીપ ઓશન મિશન (India's Deep Ocean Mission)



ભારત સમુદ્રની ઊંડાઈનું અન્વેષણ કરવા અને તેનો ઉપયોગ કરવા માટે એક ઐતિહાસિક ડીપ ઓશન મિશનની તૈયારી કરી રહ્યું છે.

- તે એક એવી સીમા છે જેના વિશે ઓછી જાણકારી છે, તેમાં વૈજ્ઞાનિક અને આર્થિક લાભોની અપાર સંભાવના છે.
- અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ અને જાપાન જેવા દેશો ડીપ સી મિશનમાં સફળતા મેળવી ચૂક્યા છે.

### ડીપ ઓશન મિશન

ડીપ ઓશન મિશન (DOM) એ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (MoES)ની મહત્ત્વાકાંક્ષી પહેલ છે.

- જેનો ઉદ્દેશ ઊંડા સમુદ્રના સંશોધન માટે તકનીકો અને ક્ષમતાઓ વિકસાવવાનો છે.
- આ ઉપરાંત ડીપ ઓશન મિશન વડાપ્રધાનશ્રીના વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશન એડવાઈઝરી કાઉન્સિલ (PMSTIAC) હેઠળના નવ મિશનમાંનું એક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મિશનના મુખ્ય સ્તંભો

ડીપ ઓશન મિશનના મુખ્ય સ્તંભો નીચે મુજબ છે :

(1) ઊંડા દરિયાઈ ખાણકામ અને ક્રૂડ સબમર્સિબલ માટે તકનીકી પ્રગતિ

(2) મહાસાગર આબોહવા પરિવર્તન સલાહકાર સેવાઓ

(3) ઊંડા સમુદ્રની જૈવવિવિધતા સંશોધન અને સંરક્ષણ માટે નવીનતાઓ

(4) ઊંડા મહાસાગરના ખનિજોનું સર્વેક્ષણ અને સંશોધન

(5) સમુદ્રમાંથી ઊર્જા અને તાજા પાણીનો સંગ્રહ

(6) મહાસાગર જીવવિજ્ઞાન માટે અદ્યતન દરિયાઈ સ્ટેશનની સ્થાપના

### ડીપ ઓશન મિશનના ઉદ્દેશ્યમાં મુખ્ય પ્રગતિ

સમુદ્રયાન અને Matsya6000 : DOMના ભાગરૂપે ભારતના મુખ્ય ડીપ ઓશન મિશન, સમુદ્રયાનને વર્ષ 2021માં પૃથ્વી વિજ્ઞાન મંત્રી દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.

- <u>સમુદ્રયાન</u> સાથે ભારત હિંદ મહાસાગરમાં સમુદ્રતળમાં <u>6000 મીટરની ઊંડાઈ સુધી</u> પહોંચવા માટે એક અભૂતપૂર્વ ક્રૂ અભિયાન શરૂ કરી રહ્યું છે.
- આ ઐતિહાસિક યાત્રા **<u>Matsya6000</u>** દ્વારા પૂર્ણ થશે, જે ત્રણ સભ્યોના ક્રૂને સમાવવા માટે રચાયેલ ઊંડા મહાસાગરની સબમર્સિબલ છે.
- ટાઈટેનિયમ એલોયમાંથી બનાવવામાં આવેલ ગોળાને 6000 બાર સુધીના દબાણનો સામનો કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

**નોંધ :** (1) ડીપ ઓશન મિશનનો એકંદર અંદાજિત ખર્ચ <u>પાંચ વર્ષ (2021 થી 2026)ના</u> સમયગાળા માટે <u>રૂ.4,077 કરોડ</u> છે.

(2) <u>પોલીમેટાલિક નોડ્યુલ</u> અને <u>સલ્ફાઈડ</u> જેવા મૂલ્યવાન સંસાધનોની હાજરીને કારણે 6,000 મીટરની ઊંડાઈને લક્ષ્ય બનાવવાનો નિર્ણય વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે.

(3) આવશ્યક ધાતુઓ ધરાવતા આ સંસાધનો <u>3,000 થી 5,500 મીટરની</u> ઊંડાઈએ જોવા મળે છે.

(4) ભારતની ડીપ–ઓશન માઈનિંગ સિસ્ટમ:MoES હેઠળની સ્વાયત્ત સંસ્થા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેક્નોલોજીએ મધ્ય હિંદ મહાસાગરમાં 5,270 મીટરની ઊંડાઈએ પાણીની અંદર ખાણકામ પ્રણાલી ‘<u>વરાહ</u>’નો ઉપયોગ કરીને ડીપ સી પરીક્ષણ હાથ ધર્યા છે.

## પડકારો

ડીપ ઓશન સંશોધનના મુખ્ય પડકારો નીચે મુજબ છે :

### (1) દરિયાઈ દબાણના પડકારો :–

- ઊંડા સમુદ્રમાં ઉચ્ચ દબાણની સ્થિતિ એક પ્રચંડ પડકાર રજૂ કરે છે.
- જે વસ્તુઓ પર પ્રતિ ચોરસ મીટર આશરે 10,000 કિલોગ્રામ વજન ઉપાડવા જેટલું દબાણ લાવે છે.

### (2) સાધન સામગ્રી ડિઝાઈન અને કામગીરી :–

- કઠોર પરિસ્થિતિઓમાં સખત સામગ્રીમાંથી બનાવેલ કાળજીપૂર્વક ડિઝાઈન કરેલ સાધનોની જરૂર પડે છે.
- ઈલેક્ટ્રોનિક્સ અને સાધનો અવકાશ અથવા શૂન્યાવકાશની સ્થિતિમાં વધુ કાર્યક્ષમ રીતે કાર્ય કરે છે, જ્યારે નબળી ડિઝાઈન કરેલી વસ્તુઓ પાણીની અંદર તૂટી જાય છે અથવા નાશ પામે છે.

### (3) લેન્ડિંગ પડકારો :–

- સમુદ્રતળની નરમ અને ભેજવાળી સપાટી ભારે વાહનો માટે ઉતરાણ અથવા દાવપેચને અપવાદરૂપે પડકારરૂપ બનાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### (4) સામગ્રીનું નિષ્કર્ષણ અને પાવર માંગ :

- સમુદ્રતળમાંથી સામગ્રી કાઢવા અને તેને સપાટી પર પમ્પ કરવા માટે મોટા પ્રમાણમાં શક્તિ અને ઊર્જાની જરૂર પડે છે.
- ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગોના પ્રસારના અભાવને કારણે દૂરથી સંચાલિત વાહનોના ઊંડા મહાસાગરોમાં બિનઅસરકારક છે.
- ટેલિસ્કોપ દ્વારા સુવિધાયુક્ત અવકાશ અવલોકનોથી વિપરિત ઊંડા સમુદ્રના સંશોધનમાં દૃશ્યતા મર્યાદિત છે, કારણ કે કુદરતી પ્રકાશ સમુદ્રના પાણીમાં માત્ર થોડા મીટર સુધી પ્રવેશે છે.
- તાપમાનોમાં ભિન્નતા, કાટ, ખારાશ વગેરે જેવા વિવિધ પરિબળો ઊંડા સમુદ્રના સંશોધનને વધુ જટિલ બનાવે છે, જેમાં મોટા પાયે ઉકેલોની જરૂર પડે છે.

નોંધ : વર્ષ 2021-2030ને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'સમુદ્ર વિજ્ઞાનના દાયકા' તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

**મહત્ત્વ**

તે ઊંડા સમુદ્રની જૈવવિવિધતામાં વધુ અભ્યાસ અને સંશોધન માટે માર્ગ મોકળો કરશે.

- જેમ જેમ સમુદ્રનું નિરીક્ષણ કરવામાં આવશે, તેમ આબોહવામાં થતા દરેક નજીવા ફેરફારની નોંધ લેવામાં આવશે. જે વધુ સારા ડેટા સંગ્રહ તરફ દોરી જશે.
- ખનિજોના સંશોધન અભ્યાસો નજીકના ભવિષ્યમાં વ્યાપારી શોષણ માટે માર્ગ મોકળો કરશે.
- એવો અંદાજ છે કે મધ્ય હિંદ મહાસાગરમાં 380 મિલિયન મેટ્રિક ટન પોલિ–મેટાલિક નોડ્યુલ (PMN) સમુદ્રના તળીયે ઉપલબ્ધ છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી નીરજ ચોપરા વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર એવોર્ડ 2023 માટે નામાંકિત



ભારતના સ્ટાર જેવેલિન થ્રોઅર શ્રી નીરજ ચોપરા વર્લ્ડ એથ્લેટિક્સ દ્વારા પ્રસ્તુત મેન્સ વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર એવોર્ડ 2023 માટેના 11 નામાંકિત વ્યક્તિઓમાં સામેલ થયા છે.

- આ સન્માન જેવેલિન થ્રો (ભાલા ફેંક)ના ક્ષેત્રમાં શ્રી નીરજ ચોપરાની નોંધપાત્ર સિદ્ધિઓ અને ઓલિમ્પિક્સ તથા વિશ્વમાં તેના પ્રભાવશાળી ગોલ્ડ મેડલ જીતને રેખાંકિત કરે છે.

- આ પસંદગી એથ્લેટિક્સ નિષ્ણાતોની આંતરરાષ્ટ્રીય પેનલ દ્વારા કરવામાં આવી હતી.
- જેમાં વર્લ્ડ એથ્લેટિક્સના તમામ છ ખંડીય પ્રદેશોના પ્રતિનિધિનો સમાવેશ થાય છે.

નોંધ : (1) તાજેતરમાં શ્રી નીરજ ચોપરાને <u>લોરિયસ એમ્બેસેડર</u> બનાવવામાં આવ્યા છે.

(2) શ્રી નીરજ ચોપરા લોરિયસ એમ્બેસેડર બનનાર બીજા ભારતીય બન્યા છે. આ પહેલા શ્રી યુવરાજ સિંહને વર્ષ 2017માં લોરેસ એમ્બેસેડર બનાવવામાં આવ્યા હતા.

(3) લોરિયસ એ <u>વૈશ્વિક રમત–આધારિત ચેરિટી</u> છે જે યુવાનોના જીવનને સુધારવા માટે કામ કરે છે.









1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણને અટકાવવા માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 4 નવેમ્બર (B) 5 નવેમ્બર (C) 6 નવેમ્બર (D) 7 નવેમ્બર **(C)**

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ડીપ ઓશન મિશન' (DOM) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની મહત્ત્વાકાંક્ષી પહેલ છે.
2. તેનો ઉદ્દેશ ઊંડા સમુદ્રના સંશોધન માટે તકનીકો અને ક્ષમતાઓ વિકસાવવાનો છે.
3. આ મિશન અંતર્ગત સમુદ્રયાન સાથે ભારત હિંદ મહાસાગરમાં સમુદ્રતળમાં 6,000 મીટરની ઊંડાઈ સુધી પહોંચવા માટે એક અભૂતપૂર્વ ક્રૂ અભિયાન શરૂ કરી રહ્યું છે.
4. આ મિશનમાં રશિયા, જાપાન, સિંગાપોર અને દ. કોરિયા ભારતને સહયોગ કરી રહ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(C)**

3. નીચેનામાંથી કયા વર્ષને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'સમુદ્ર વિજ્ઞાનના દાયકા' તરીકે જાહેર કરવામાં આવ્યું છે ?

(A) 2021-2030 (B) 2015-2021 (C) 2018-2026 (D) 2030-2040 **(A)**

4. તાજેતરમાં કયા ભારતીય ખેલાડીને 'વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર એવોર્ડ 2023' માટે નામાંકિત કરવામાં આવ્યો છે ?

(A) શ્રી નીરજ ચોપરા (B) શ્રી અભિનવ બિન્દ્રા

(C) સુશ્રી મીરાબાઈ ચાનુ (D) સુશ્રી સુશીલ કુમાર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 07 નવેમ્બર, (1) રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ (National Cancer Awarness Day)
## (2) બાળ સુરક્ષા દિવસ

### રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ



ભારતમાં દર વર્ષે 7 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં કેન્સર અંગે જાગૃતિ ફેલાવવા માટે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા સપ્ટેમ્બર, 2014 દરમિયાન આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારથી ભારતમાં આ દિવસની ઉજવણી થાય છે.

**નોંધ :** ભારતમાં 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' 7 નવેમ્બરના રોજ ઉજવાય છે, જ્યારે 'વિશ્વ કેન્સર દિવસ' 4 ફેબ્રુઆરીના રોજ ઉજવાય છે.

## કેન્દ્રીય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનર તરીકે શ્રી હીરાલાલ સામરીયાની નિમણૂક



તાજેતરમાં શ્રી હીરાલાલ સામરીયાની કેન્દ્રીય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ તેમને શપથ લેવડાવ્યા હતા.
- આ ઉપરાંત અન્ય નવ નિયુક્ત માહિતી કમિશનરોને શ્રી હીરાલાલ સામરીયાએ શપથ લેવડાવ્યા હતા.
- અન્ય નવ નિયુક્ત માહિતી કમિશનરોમાં શ્રીમતી આનંદી રામલિંગમ અને શ્રી વિનોદ કુમાર તિવારીનો સમાવેશ થાય છે.
- શ્રી હીરાલાલ સામરિયાનો જન્મ રાજસ્થાનમાં થયો હતો.
- તેઓએ અગાઉ શ્રમ અને રોજગાર મંત્રાલયમાં સચિવ તરીકે સેવા આપી હતી.
- આ ઉપરાંત તેઓ રસાયણ અને ખાતર મંત્રાલયમાં સંયુક્ત સચિવ પણ હતા.

નોંધ : (1) શ્રીમતી આનંદી રામાલિંગમ કેન્દ્રીય માહિતી આયોગમાં માહિતી કમિશનર તરીકે જોડાતા પહેલા ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટરના હોદ્દા પર હતા.

(2) શ્રી વિનોદ કુમાર તિવારી ભારતીય વન સેવા અધિકારી છે. તેઓ માહિતી કમિશનર બન્યા અગાઉ હિમાચલ પ્રદેશ વન વિભાગ, શિમલામાં ફોરેસ્ટ–કમ–પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ તરીકે સેવા આપી હતી.

## કેન્દ્રીય માહિતી આયોગ (CIC)

કેન્દ્રીય માહિતી આયોગ (Central Information Commission-CIC)ની સ્થાપના 12 ઓક્ટોબર, 2005ના રોજ કરવામાં આવી હતી.

- કેન્દ્રીય માહિતી આયોગની સ્થાપના માહિતી અધિકાર અધિનિયમ, 2005ની કલમ 12 અંતર્ગત કરવામાં આવી હતી.
- આથી, તે એક વૈધાનિક (Statutory) સંસ્થા છે.
- કેન્દ્રીય માહિતી આયોગમાં એક મુખ્ય માહિતી કમિશનર અને વધુમાં વધુ અન્ય 10 માહિતી કમિશનર હોય છે.
- કેન્દ્રીય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનર અને અન્ય માહિતી કમિશનરની નિમણૂક એક સમિતિની ભલામણથી રાષ્ટ્રપતિ કરે છે.
- આ સમિતિ નીચે આપેલા સભ્યોની બનેલી હોય છે :

(1) વડાપ્રધાન (અધ્યક્ષ)

(2) લોકસભાના વિરોધપક્ષના નેતા (સભ્ય)

(3) વડાપ્રધાન દ્વારા નામાંકિત કેન્દ્રીય કેબિનેટ મંત્રી

## કાર્યકાળ

માહિતી અધિકાર (સંશોધન) અધિનિયમ, 2019 મુજબ મુખ્ય માહિતી કમિશનર અને અન્ય માહિતી કમિશનરનો કાર્યકાળ કેન્દ્ર સરકાર નક્કી કરે તે મુજબ રહેશે.

- કાર્યકાળ પૂરો થયા બાદ મુખ્ય માહિતી કમિશનર કે અન્ય માહિતી કમિશનરની પુનઃનિયુક્તિ થઈ શકે નહીં.
- પરંતુ અન્ય માહિતી કમિશનરની મુખ્ય માહિતી કમિશનર તરીકે નિમણૂક થઈ શકે છે. જેમનો કાર્યકાળ માહિતી કમિશનર અને મુખ્ય માહિતી કમિશનર તરીકે કુલ 5 વર્ષથી વધુ ન હોઈ શકે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શપથ

મુખ્ય માહિતી કમિશનર તથા અન્ય માહિતી કમિશનરે રાષ્ટ્રપતિ અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ સમક્ષ શપથ ગ્રહણ કરવાના હોય છે.

### રાજીનામુ

મુખ્ય માહિતી કમિશનર અથવા અન્ય માહિતી કમિશનર સ્વેચ્છાએ પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે છે.

- મુખ્ય માહિતી કમિશનર કે અન્ય માહિતી કમિશનરને તેમના કાર્યમાં નિષ્ફળતા અથવા ગેરવર્તણૂક બદલ રાષ્ટ્રપતિ દૂર કરી શકે છે.
- પરંતુ તેમને પદ પરથી રાષ્ટ્રપતિ ત્યારે જ દૂર કરે છે જ્યારે સર્વોચ્ચ ન્યાયાલય તેમના કાર્યોની સમીક્ષા કરી રિપોર્ટ દ્વારા પદ પરથી દૂર કરવાની ભલામણ કરે છે.
- આ ઉપરાંત રાષ્ટ્રપતિ મુખ્ય માહિતી કમિશનર અને અન્ય માહિતી કમિશનરને નીચેની બાબતોના આધારે પણ પદ પરથી હટાવી શકે છે :

(a) જો તેમને નાદાર જાહેર કરવામાં આવે.

(b) જો તેમને એવા અપરાધ માટે દોષી જાહેર કરાયા હોય જે રાષ્ટ્રપતિની નજરમાં નૈતિક ભ્રષ્ટાચારની શ્રેણીમાં આવતા હોય.

(c) જો કાર્યકાળ દરિમયાન અન્ય સવેતન નોકરી કે ધંધો કરતા હોય.

(d) રાષ્ટ્રપતિના અભિપ્રાયમાં માનસિક કે શારીરિક રીતે અસક્ષમ હોવાને કારણે પદ પર રહેવા યોગ્ય ન હોય.

(e) જો તેમણે એવા આર્થિક કે અન્ય હિત પ્રાપ્ત કરેલા હોય જેનાથી મુખ્ય માહિતી કમિશનર કે અન્ય માહિતી કમિશનરના રૂપમાં ફરજો પર પ્રતિકૂળ પ્રભાવ પડવાની સંભાવના હોય.

નોંધ : (1) માહિતી અધિકાર અધિનિયમ, 2005 અંતર્ગત કેન્દ્રીય માહિતી આયોગ ઉપરાંત રાજ્ય માહિતી આયોગની રચનાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

(2) રાજ્ય માહિતી આયોગમાં એક મુખ્ય માહિતી કમિશનર અને વધુમાં અન્ય 10 માહિતી કમિશનર હોય છે. તેમની નિમણૂક રાજ્યપાલ એક સમિતિની ભલામણથી કરે છે.

## IIT ગાંધીનગર ખાતે ઓસ્ટ્રેલિયા ઈન્ડિયા એજ્યુકેશન એન્ડ સ્કિલ્સ કાઉન્સિલ (AIESC)ની પ્રથમ બેઠક

તાજેતરમાં IIT ગાંધીનગર ખાતે 'ઓસ્ટ્રેલિયા ઈન્ડિયા એજ્યુકેશન એન્ડ સ્કિલ્સ કાઉન્સિલ'ની પ્રથમ બેઠક યોજાઈ હતી.

- આ બેઠક ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે દ્વિપક્ષીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ સહકાર માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતી.
- કેન્દ્રીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ શ્રી જેસન ક્લેયર સાથે દ્વિપક્ષી બેઠક યોજી હતી.
- બંને મંત્રીઓએ શિક્ષણ અને કૌશલ્યમાં દ્વિપક્ષી સહકારની વ્યાપક સમીક્ષા કરી હતી અને બંને દેશોમાં લોકોની વધુ ગતિશીલતા, રોજગારી અને સમૃદ્ધિ માટે જ્ઞાન અને કૌશલ્ય ભાગીદારીને વધુ મજબૂત કરવા સંમત થયા હતા, જે અંતર્ગત 5 સમજૂતિ કરારો થયા હતા.
- આ બેઠક દરમિયાન શ્રી ધર્મેન્દ્ર પ્રધાને ઓસ્ટ્રેલિયા અને ભારત માટે ખાસ કરીને શિક્ષણ અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રોમાં સહયોગ માટે એક સીમાચિન્હરૂપ વર્ષ ગણાવ્યું હતું.
- મંત્રીઓએ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક–સિટી (ગિફ્ટ સિટી) ખાતે વોલોંગોંગ યુનિવર્સિટી અને ડેકિન યુનિવર્સિટીના કેમ્પસના નિકટવર્તી ઉદ્‌ઘાટનને આવકાર્યુ હતું.
- આ ઉપરાંત બંને મંત્રીઓએ ઓસ્ટ્રેલિયાની ટોચની યુનિવર્સિટીઓ સાથે IIT જેવી ટોચની ભારતીય સંસ્થાઓ વચ્ચે સંશોધનમાં ચાલી રહેલા સંસ્થાકીય સહયોગને પણ આવકાર્યો હતો.

## સમજૂતી કરારો વિશેની માહિતી

### (1) ઈનોવેટિવ રિસર્ચ યુનિવર્સિટીઝ કોન્સોર્ટિયમ કેમ્પસ

ઈનોવેટિવ રિસર્ચ યુનિવર્સિટીઝ (IRU) એ સમગ્ર ઓસ્ટ્રેલિયામાં 7 જાહેર યુનિવર્સિટીઓનું ગંઠબંધન છે.

- IRUના MoUનો ઉદ્દેશ્ય ઓસ્ટ્રેલિયા–ભારત શિક્ષણ ભાગીદારીને મજબૂત કરવા માટે બંને પક્ષો વચ્ચે ગાઢ સહકાર માટે એક MoU માળખું પૂરું પાડવાનો છે.
- આ સમજૂતી કરાર હેઠળ ભાગ લેનારા સભ્યો ભારતમાં ડિગ્રીઓના દેશમાં વિતરણ માટે સંઘના અભિગમની સંભાવના શોધવા અને ભારતીય વિદ્યાર્થીઓ માટે ઓસ્ટ્રેલિયાના ઉચ્ચ શિક્ષણ સુધી દેશમાં પહોંચ વધારવા માટે સાથે મળીને કામ કરશે.

### (2) ડેકિન યુનિવર્સિટી અને રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ

ભારતના રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ સાથે ભાગીદારીમાં ડેકિન યુનિવર્સિટીએ ભારતમાં કૌશલ્યની અછતને દૂર કરવા માટે 'ગ્લોબલ જોબ રેડીનેસ પ્રોગ્રામ' વિકસાવ્યો છે.

- 30 કલાકનો આ કાર્યક્રમ ઓનલાઈન વિતરિત કરવામાં આવશે અને તેનો ઉદ્દેશ ત્રણ વર્ષમાં 15 મિલિયન ભારતીયોને કૌશલ્ય પ્રદાન કરવાનો છે.

## (3) ડેકિન યુનિવર્સિટી અને IIT ગાંધીનગર

ગિફ્ટ સિટી ખાતે ડેકિન યુનિવર્સિટીના કેમ્પસની સાથે IIT ગાંધીનગરના જોડાણ દ્વારા મુખ્ય ઉદ્દેશ સ્થાનિક પ્રદેશમાં ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ અને સંશોધન ઈકોસિસ્ટમને ટેકો પૂરો પાડવાનો છે.

- આ ભાગીદારી વિજ્ઞાન અને નવીનતા, ગતિશીલતા, ફેકલ્ટી વિનિમય અને સંયુક્ત ડોક્ટરલ કાર્યક્રમોમાં સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

## (4) મોનાશ યુનિવર્સિટી અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી હૈદરાબાદ

આ સમજૂતી કરાર મહત્ત્વપૂર્ણ ખનીજ અને પરસ્પર હિતના અન્ય ક્ષેત્રોમાં શૈક્ષણિક અને સંશોધન પ્રવૃત્તિઓ પર સહયોગ માટે છે.

- આ સમજૂતી કરારમાં શૈક્ષણિક સામગ્રી, વિદ્વાનો અને વિદ્યાર્થીઓનું આદાનપ્રદાન અને સહકારી પરિસંવાદો, કાર્યશાળાઓ અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

## (5) મોનાશ યુનિવર્સિટી અને ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન માઈનિંગ (ICEM)

આ MoUનો ઉદ્દેશ ભારતમાં ખાણકામ અને ખનીજ વિકાસ ક્ષેત્રને ટેકો આપવા માટે મોનાશ અને ICEM વચ્ચે સંશોધન અને નવીનતા સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.

- આબોહવા પરિવર્તન પર ખાણકામની અસરને ઘટાડવા, તેની કાર્યક્ષમતા વધારવા અને મહત્ત્વપૂર્ણ ખનિજો અને દુર્લભ પૃથ્વી તત્વોમાં ક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## AIEC

ઓસ્ટ્રેલિયન ઈન્ડિયા એજ્યુકેશન કાઉન્સિલ (AIEC) તરીકે 2011માં સ્થપાયેલ આ દ્વિ–રાષ્ટ્રીય સંસ્થા બંને દેશો વચ્ચે શૈક્ષણિક, તાલીમ અને સંશોધન ભાગીદારીને વ્યૂહાત્મક રીતે માર્ગદર્શન આપે છે.

- કાઉન્સિલનો ઉદ્દેશ્ય ભવિષ્યના કાર્યબળને આકાર આપવા, સંસ્થાકીય ભાગીદારીને મજબૂત કરવા અને આંતરરાષ્ટ્રીયકરણ દ્વારા સંશોધન પ્રભાવને વધારવા જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કરીને બંને દેશોમાં શિક્ષણ અને કૌશલ્યો માટે ભવિષ્યનો માર્ગ મોકળો કરવાનો છે.

# શ્રી એન્જેલો મેથ્યુઝ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ટાઈમઆઉટ થનાર પ્રથમ ખેલાડી

બાંગ્લાદેશ સામેની ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023 મેચ દરમિયાન શ્રીલંકાના બેટ્સમેન શ્રી એન્જેલો મેથ્યુસ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ટાઈમ આઉટ થનાર પ્રથમ ખેલાડી બન્યો છે.

- આંતરરાષ્ટ્રીય ક્રિકેટના 146 વર્ષના ઈતિહાસમાં આ પ્રથમ ઘટના છે.
- ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023ની રમતની સ્થિતિ અનુસાર આવનારા બેટ્સમેને 2 મિનિટની કડક સમય મર્યાદામાં આગામી બોલનો સામનો કરવા માટે તૈયાર હોવું આવશ્યક છે.
- જોકે મેરીલેબોન ક્રિકેટ ક્લબ (MCC)નો કાયદો 40.1.1 જણાવે છે કે વિકેટ પડી ગયા પછી અથવા બેટ્સમેનને આઉટ કર્યા પછી નવા બેટ્સમેનને 3 મિનિટની અંદર આગામી બોલનો સામનો કરવા માટે તૈયાર હોવું આવશ્યક છે.
- આમ કરવામાં નિષ્ફળતાના સ્વરૂપે તે 'ટાઈમ્ડ આઉટ' બરતરફીમાં પરિણમશે.
- જોકે બેટ્સમેને દલીલ કરી હતી કે વિલંબ હેલ્મેટની ખામીને કારણે થયો હતો અને સમય બગાડવા અથવા ફાયદો મેળવવાનો પ્રયાસ કરીને નહીં.
- નોંધનીય છે કે નિયમો છેલ્લી ઘડીના સાધનો ભંગાણને ધ્યાનમાં લેતા નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS









1. 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 નવેમ્બર (B) 8 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર **(A)**

2. ભારતમાં 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' 7 નવેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ કેન્સર દિવસ' _____ ના રોજ ઉજવાય છે.

(A) 2 ફેબ્રુઆરી (B) 3 ફેબ્રુઆરી (C) 4 ફેબ્રુઆરી (D) 5 ફેબ્રુઆરી **(C)**

3. તાજેતરમાં નીચેના પૈકી કયા દિવસના રોજ 'બાળ સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 7 નવેમ્બર (B) 8 નવેમ્બર (C) 9 નવેમ્બર (D) 10 નવેમ્બર **(A)**

4. તાજેતરમાં કેન્દ્રીય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી હસમુખ અઢીયા (B) શ્રી હીરાલાલ સામરીયા

(C) શ્રી પ્રવીણકુમાર શ્રીવાસ્તવ (D) શ્રી દિનેશ કુમાર **(B)**

5. 'કેન્દ્રીય માહિતી આયોગ' (CIC) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચાં છે ?

1. તે એક વૈધાનિક સંસ્થા છે.
2. તેની સ્થાપના વર્ષ 2005માં કરવામાં આવી હતી.
3. તેમાં એક મુખ્ય માહિતી કમિશનર અને વધુમાં વધુ અન્ય 10 માહિતી કમિશનર હોય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 (D) 1, 2 અને 3 **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. તાજેતરમાં કયા સ્થળે 'ઓસ્ટ્રેલિયા ઈન્ડિયા એજ્યુકેશન એન્ડ સ્કિલ્સ કાઉન્સિલ' (AIESC)ની પ્રથમ બેઠક યોજાઈ હતી ?

(A) IIT ગાંધીનગર (B) IIT મુંબઈ (C) IIT હૈદરાબાદ (D) IIT દિલ્હી **(A)**

7. તાજેતરમાં કયો ક્રિકેટર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ટાઈમઆઉટ થનાર પ્રથમ ખેલાડી બન્યો છે ?

(A) શ્રી એન્જેલો મેથ્યુઝ (B) શ્રી શકિબ અલ હસન

(C) શ્રી તમીમ ઈકબાલ (D) શ્રી કુસલ મેન્ડિસ **(A)**

## દિવસ મહિમા : 08 નવેમ્બર, વિશ્વ શહેરીકરણ દિવસ (World Urbanisam Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 નવેમ્બરના રોજ 'વિશ્વ શહેરીકરણ દિવસ' ઉજવાય છે.



- તેને 'વિશ્વ ટાઉન પ્લાનિંગ દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ દિવસ શહેરીકરણની સફળતાઓને પ્રોત્સાહન આપવા અને શહેરીકરણ દ્વારા ઊભા થયેલા ચોક્કસ પડકારોને પહોંચી વળવા માટે ઉજવવામાં આવે છે.

નોંધ : 'વિશ્વ શહેરીકરણ દિવસ' 8 નવેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ શહેર દિવસ' 31 ઓક્ટોબરના રોજ ઉજવાય છે.

## હોકીની વિમેન્સ એશિયન ચેમ્પિયન ટ્રોફી 2023 : ભારત ચેમ્પિયન

તાજેતરમાં હોકીની વિમેન્સ એશિયન ચેમ્પિયન ટ્રોફીની સાતમી આવૃત્તિ ભારતમાં ઝારખંડના રાંચી ખાતે 27 ઓક્ટોબરથી 5 નવેમ્બર દરમિયાન જયપાલ સિંહ સ્ટેડિયમમાં યોજાઈ હતી.




- જેમાં ભારતે ફાઈનલમાં જાપાનને 4-0 થી હરાવી વિમેન્સ એશિયન ચેમ્પિયન ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો.
- હોકી વિમેન્સ એશિયન ચેમ્પિયન ટ્રોફીમાં પ્રથમ ક્રમે અને ચેમ્પિયન ભારત રહ્યું છે. જ્યારે રનર્સ–અપ જાપાન તથા ચીન ત્રીજા ક્રમે રહ્યું હતું.
- આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ ચીનના ખેલાડી સુશ્રી ઝોંગ જિયાકીએ (7 ગોલ) કર્યા હતા.
- વિમેન્સ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી એ એશિયન હોકી ફેડરેશનના સભ્ય સંગઠનોની શ્રેષ્ઠ છ મહિલા રાષ્ટ્રીય ટીમો દ્વારા દ્વિવાર્ષિક ફીલ્ડ હોકી સ્પર્ધા છે.
- આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ ટાઈટલ દક્ષિણ કોરિયાએ ત્રણ વખત જીત્યા છે.
- ભારતનું આ બીજું ટાઈટલ છે. આ અગાઉ 2016માં ભારતે આ ટુર્નામેન્ટ જીતી હતી.

## ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે શ્રી હર્ષદ ત્રિવેદી ચૂંટાયા

તાજેતરમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખની ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.

- જેમાં શ્રી હર્ષદ ત્રિવેદી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા છે.

- તેઓ ત્રણ વર્ષ માટે ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ રહેશે.
- આ અગાઉ શ્રી પ્રકાશ એન.શાહ ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ હતા.

## શ્રી હર્ષદ ત્રિવેદી



શ્રી હર્ષદ ત્રિવેદીનો જન્મ 17 જુલાઈ, 1958ના રોજ સુરેન્દ્રનગરના ખેરાલી ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ હર્ષદ અમૃતલાલ ત્રિવેદી છે.
- તેઓ ગુજરાતી ભાષાના કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, વિવેચક અને સંપાદક છે.
- તેમણે અનેક ગુજરાતી સાહિત્યિક સંસ્થાઓમાં જુદા જુદા હોદ્દાઓ પર સેવા આપી છે.
- શ્રી હર્ષદ ત્રિવેદીએ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત ગુજરાતી સાહિત્યકોશના સંપાદકીય વિભાગમાં સંશોધન સહાયક તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી.
- 1984માં તેઓ ગુજરાત સાહિત્ય અકાદમીમાં પ્રૂફરીડર તરીકે જોડાયા હતા.
- 1995માં તેઓ ગુજરાત સહિત્ય અકાદમીના મુખપાત્ર શબ્દસૃષ્ટિના સંપાદક બન્યા જ્યાં તેમણે બે દાયકા સુધી ફરજ આપી હતી.
- તેમણે 2009 થી 2013 સુધી શબ્દસૃષ્ટિના સંપાદક અને અકાદમીના મહામાત્ર તરીકે પણ કામ કર્યુ હતું.
- તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'એક ખાલી નાવ' 1984માં પ્રકાશિત થયો હતો.
- તેમના અન્ય પ્રસિદ્ધ કાવ્ય સંગ્રહોમાં 'રહી છે વાત અધુરી' (2002), તારો અવાજ (2003) અને તરવેણી (2014) છે.
- તેમની કવિતાઓમાં ગ્રામીણ જીવન તેમજ શહેરી જીવનનો ઉલ્લેખ હોય છે.
- ટૂંકી વાર્તાઓનું તેમનું પ્રથમ પુસ્તક જાળીયું (1994) હતું.
- તેમનો કાવ્યસંગ્રહ એક ખાલી નાવ માટે 1992માં જયંત પાઠક કવિતા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- 2014માં તેમને કવિશ્વર દલપતરામ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત કુમાર માસિકમાં હપ્તાવાર પ્રગટ થયેલ ગુજરાતી લોકગીતો અને ગુજરાતના સામાજિક જીવનની તેમની વિશેષતા 'કંકુચોખા'ને 2015માં કુમાર સુવર્ણ ચંદ્રક સાહિત્યિક પુરસ્કાર મળ્યો હતો.

## ગુજરાતી સાહિત્ય પરિષદ

ગુજરાતી સાહિત્ય પરિષદ એ ગુજરાત સાહિત્ય સભાની પ્રવૃત્તિઓમાંથી જન્મેલું સંતાન છે. ઈ.સ. 1905માં રણજિતરામ વાવાભાઈ મહેતાએ અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ત્યારબાદ આ સંસ્થાએ ગુજરાતની પ્રજામાં ગુજરાતી સાહિત્ય પ્રત્યે નવજાગૃતિ અને નવચેતનાનો સંચાર કરી સાહિત્યિક પ્રવૃત્તિઓના સઘળા પાસાને નવપલ્લવિત કરી પ્રશંસનીય વિસ્તાર કર્યો છે.
- સાહિત્ય પરિષદે 'ગુજરાતી સાહિત્યના ઈતિહાસ'ના આઠ ગ્રંથો (ભાગ 1 થી 8) પ્રગટ કર્યા, જે સંદર્ભ ગ્રંથો તરીકે ગરજ સારે છે.
- આ સંસ્થા દ્વારા સાહિત્ય પ્રવૃત્તિને ઉપકારક એવું 'પરબ' માસિક 1960થી શરૂ કરવામાં આવ્યું છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદ્ દ્વારા 'ગુજરાતી સાહિત્યકોશ' ના ખંડ 1 થી 3 પ્રકાશિત કરવામાં આવ્યા છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ''ભાષા વિમર્શ'' ત્રૈમાસિક પણ પ્રગટ કરવામાં આવે છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઈ.સ. 1905માં અમદાવાદના પ્રથમ અધિવેશનના પ્રથમ અધ્યક્ષ ગોવર્ધનરામ ત્રિપાઠી હતા.
- ગુજરાતી સાહિત્ય પરિષદના 1920માં યોજાયેલા સંમેલનમાં શ્રી રવીન્દ્રનાથ ટાગોર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.
- 1936માં યોજાયેલા આ સંસ્થાના સંમેલનના પ્રમુખ મહાત્મા ગાંધીજી હતા.
- જ્યારે 1928થી છેક 1955 સુધી કનૈયાલાલ મુનશીએ આ સંસ્થાનું સુકાન સંભાળ્યું હતું.
- ભાષા સાહિત્ય પ્રત્યે વિદ્યાર્થીઓની અભિરુચિમાં વૃદ્ધિ થાય એ માટે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'આસ્વાદ', 'સંસ્કાર' અને 'દીક્ષા' પરીક્ષાઓ યોજવામાં આવતી હતી.
- આ સંસ્થા દ્વારા 60થી વધુ વર્ષથી 'બુદ્ધસભા'નું પણ આયોજન કરવામાં આવે છે.
- 'ક.લા. સ્વાધ્યાય મંદિર' એ ગુજરાતી સાહિત્ય પરિષદની સંશોધન સંસ્થા છે. અને તેને સંશોધન–સંસ્થા તરીકે માન્યતા મળેલી છે.
- આ સંસ્થા દ્વારા (1) શ્રી ભગિની નિવેદિતા પારિતોષિક (2) શ્રી અરવિંદ (સુવર્ણચંદ્રક) પારિતોષિક (3) શ્રી ઉમા–સ્નેહરશ્મિ પારિતોષિક (4) શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક.... વગેરે જેવા 40થી વધુ પારિતોષિકો એનાયત થાય છે. જે તે સમયે પ્રસિદ્ધ થયેલા પ્રથમ આવૃત્તિવાળાં પુસ્તકોને દર બે વર્ષે યોજાતા 'જ્ઞાનસત્ર'માં આ પારિતોષિકો એનાયત થાય છે.
- આ સંસ્થા દ્વારા એક વર્ષ પૂર્ણકક્ષાનું 'અધિવેશન' અને બીજે વર્ષે 'જ્ઞાનસત્ર'નું આયોજન કરવામાં આવે છે.
- ગુજરાતમાં ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિના રક્ષણ, શિક્ષણ અને વિકાસ માટે તેમજ ગુજરાતમાં સાહિત્યિક આબોહવા પ્રગટાવવા માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'વિશ્વ શહેરીકરણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 નવેમ્બર (B) 7 નવેમ્બર (C) 8 નવેમ્બર (D) 10 નવેમ્બર — **(C)**

2. 'વિશ્વ શહેર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 30 ઓગસ્ટ (B) 31 ઓક્ટોબર (C) 30 નવેમ્બર (D) 3 ડિસેમ્બર — **(B)**

3. તાજેતરમાં હોકીની વિમેન્સ એશિયન ચેમ્પિયન ટ્રોફી 2023માં કઈ ટીમ વિજેતા બની છે ?

(A) જાપાન (B) ભારત (C) દ.કોરિયા (D) ચીન — **(B)**

4. તાજેતરમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે કોણ ચૂંટાઈ આવ્યું છે ?

(A) શ્રી વિનોદ ભટ્ટ (B) શ્રી જયંત પાઠક

(C) શ્રી હર્ષદ ત્રિવેદી (D) શ્રી ધીરુભાઈ પરીખ — **(C)**

5. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ અધ્યક્ષ કોણ હતા ?

(A) શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી (B) શ્રી ક.મા.મુનશી

(C) શ્રી મહાત્મા ગાંધીજી (D) શ્રી નરસિંહ રાવ દિવેટિયા — **(A)**

6. 'પરબ' સામયિક કઈ સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે ?

(A) પ્રેમાનંદ સાહિત્ય સભા (B) ગુજરાતી સાહિત્ય પરિષદ

(C) ગુજરાત સાહિત્ય અકાદમી (D) નર્મદ સાહિત્ય સભા — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





## દિવસ મહિમા : 09 નવેમ્બર, રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ (National Legal Service Day)

'રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ' અથવા 'રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ' (NSLSD) ભારતમાં દર વર્ષે 9 નવેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.




- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં કાયદાકીય જાગૃતિ ફેલાવવાનો, સમાજના ગરીબ અને નબળા વર્ગના લોકોને મફત અને કાનૂની સહાય અને સલાહ આપવાનો છે, જેથી તમામ માટે ન્યાય સુનિશ્ચિત થઈ શકે.
- રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ સૌપ્રથમ વર્ષ 1995માં ભારતની સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા સમાજના ગરીબ અને નબળા વર્ગોને મદદ અને ટેકો આપવા માટે શરૂ કરવામાં આવ્યો હતો.
- ભારતીય સંસદનો 'ભારતીય કાનૂની સેવા સત્તા અધિનિયમ, 1987' 9 નવેમ્બર, 1995ના રોજ અમલમાં આવ્યો હતો.
- આથી, આ દિવસની યાદમાં 9 નવેમ્બરના રોજ રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનું વિસ્તરણ

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' (PMGKAY)ને વધારાના પાંચ વર્ષ માટે લંબાવવાની જાહેરાત કરી હતી.

### પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) સૌપ્રથમ 2020માં કોવિડ-19 મહામારી દરમિયાન રજૂ કરવામાં આવી હતી.

- અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, 2013 (NFSA) હેઠળ પાત્ર રેશનકાર્ડ ધારકોને દર મહિને વ્યક્તિ દીઠ 5 કિલો મફત અનાજ પ્રદાન કરવા માટે તૈયાર કરવામાં આવી હતી.



- શરૂઆતમાં આ યોજના ડિસેમ્બર 2022માં સમાપ્ત થવાની હતી.
- પરંતુ તેને ડિસેમ્બર, 2023 સુધી લંબાવવામાં આવી હતી. અને હવે તેને વધારાના પાંચ વર્ષ માટે લંબાવવામાં આવી છે.

- આ યોજનાની શરૂઆતથી સરકારે તેના કેન્દ્રીય પ્રાપ્તી પૂલમાંથી રૂ.3.9 લાખ કરોડના ખર્ચે 1,118 લાખ મેટ્રિક અનાજની ફાળવણી કરી છે.

**નોંધ :** (1) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY)ને જાન્યુઆરી 2023માં NFSA સાથે એકીકૃત કરવામાં આવ્યું હતું.

(2) જેના પરિણામે 'અંત્યોદય અન્ન યોજના' (AAY) અને 'પ્રાથમિકતા વાળા પરિવાર' (PHH) પરિવારોને તમામ રાશન મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા.

(3) આ એકીકરણ NFSAમાં PMGKAYના મફત રાશન પરિબળને સામેલ કરીને Covid-19 મહામારી દરમિયાન રજૂ કરવામાં આવેલી વધારાની જોગવાઈને દૂર કરે છે.

(4) રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, (NFSA) 2013 કલ્યાણમાંથી ખાદ્ય સુરક્ષા સુધી પહોંચવા માટે અધિકાર–આધારિત અભિગમ તરફના દાખલાને ચિન્હિત કરે છે. આ કાયદો કાયદેસર રીતે 75% ગ્રામીણ વસતી અને 50% શહેરી વસતીને લક્ષિત જાહેર વિતરણ પ્રણાલી હેઠળ સબસિડીયુક્ત અનાજ મેળવવા માટે હકદાર બનાવે છે.

## FIDE ગ્રાન્ડ સ્વિસ ઓપન, 2023




તાજેતરમાં શ્રી વિદિત સંતોષ ગુજરાતી (FIDE મેન્સ ગ્રાન્ડ સ્વિસ) અને સુશ્રી વૈશાલી રમેશ બાબુ (FIDE વિમેન્સ ગ્રાન્ડ સ્વિસ)એ FIDE ગ્રાન્ડ સ્વિસ ઓપન જીતી હતી.

- અને વિશ્વ ચેસ ચેમ્પિયનને પડકારવાની તક તરીકે વર્ષ 2024માં યોજનારી કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટમાં પણ પ્રતિષ્ઠિત સ્થાન મેળવ્યું હતું.
- વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ-2024 એપ્રિલ 2024માં કેનેડાના ટોરોન્ટોમાં યોજાવાની છે.
- FIDE ગ્રાન્ડ સ્વિસ ઓપન એ ચેસ ટુર્નામેન્ટ છે જે વર્લ્ડ ચેમ્પિયનશિપ ચક્ર માટે ક્વોલિફાય કરવાના ભાગરૂપે રમાય છે.

**નોંધ :** (1) ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન (FIDE) ચેસની રમતનું સંચાલન કરતી સંસ્થા છે. અને તમામ આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાઓનું નિયંત્રણ કરે છે.

(2) તે એક બિન–સરકારી સંસ્થા તરીકે રચાયેલ છે, તે વિશ્વ ચેસ ચેમ્પિયનશિપનું આયોજન કરે છે.

(3) વર્ષ 1999માં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા તેને વૈશ્વિક રમતગમત સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી હતી. તેનું મુખ્ય મથક સ્વિત્ઝર્લેન્ડના લોઝેનમાં સ્થિત છે.

**1.** ભારતમાં 'રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 નવેમ્બર (B) 9 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર — **(B)**

**2.** તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' (PMGKAY)ને વધારાના કેટલા વર્ષ માટે લંબાવવાની જાહેરાત કરી હતી ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ — **(D)**

**3.** તાજેતરમાં સમાચારમાં રહેલ શ્રી વિદિત સંતોષ ગુજરાતી અને સુશ્રી વૈશાલી રમેશ બાબુ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) બેડમિન્ટન (B) ટેનિસ (C) ચેસ (D) શૂટિંગ — **(C)**

**4.** FIDE કઈ રમતનું સંચાલન કરતી સંસ્થા છે ?

(A) ચેસ (B) હોકી (C) ફૂટબોલ (D) બેઝબોલ — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS








## દિવસ મહિમા : 10 નવેમ્બર, (1) શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ (World Science Day For Peace and Development)
## (2) પરિવહન દિવસ

## IREDAએ CSR પોર્ટલ લોન્ચ કર્યુ

નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય હેઠળ કાર્યરત ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (IREDA)એ તેની CSR પહેલોમાં પારદર્શિતા વધારવાના ઉદ્દેશ્ય સાથે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પોર્ટલ લોન્ચ કર્યુ છે.

- આ પહેલ IREDAની સામાજિક જવાબદારી અને ટકાઉપણુ પ્રત્યેની પ્રતિબદ્ધતાને અનુરૂપ છે.
- દિલ્હીમાં કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ ખાતે આયોજિત 'વિજિલન્સ અવેરનેસ વીક 2023'ના સમાપન સમારોહ દરમિયાન આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ પોર્ટલનો ઉદ્દેશ્ય વિવિધ સંગઠનો અને સંસ્થાઓ દ્વારા CSR વિનંતીઓની પ્રાપ્તિ અને નિકાલમાં પારદર્શિતા લાવવાનો છે.
- આ પોર્ટલ કોઈપણ સમયે હિતધારકો દ્વારા એક્સેસ કરી શકાય છે અને તેમાં માર્ગદર્શન માટે CSR નીતિનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતે પ્રલય વ્યૂહાત્મક બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ



7 નવેમ્બરના રોજ ભારતે ઓડિશાના દરિયાકાંઠે પ્રલય વ્યૂહાત્મક બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ હતું.

- પરીક્ષણ એક મહત્ત્વપૂર્ણ સીમાચિન્હરૂપ સાબિત થયું કારણ કે મિસાઈલ તેની લગભગ 500 કિમીની સમગ્ર શ્રેણીને આવરી લે છે. તથા અસરકારક રીતે તેની ઓપરેશનલ ક્ષમતાઓનું પ્રદર્શન કરે છે.

### પ્રલય મિસાઈલ

પ્રલય એ ભારતની પ્રથમ પરંપરાગત અર્ધ–બેલિસ્ટિક મિસાઈલ છે. તેને DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.

- તે ઉત્તર અથવા પશ્ચિમ સરહદોથી કોઈપણ પરંપરાગત મિસાઈલ હુમલાનો જવાબ આપવા સક્ષમ છે.
- અર્ધ–બેલિસ્ટિક મિસાઈલનો <u>માર્ગ ટૂંકો</u> હોય છે. અને જોકે તે મોટા ભાગે બેલિસ્ટિક મિસાઈલ જેવી જ હોય છે.
- તે ઉડાન દરમિયાન <u>'મનૂવર/દાવપેચ' (Maneuver)</u> કરવામાં સક્ષમ છે.
- આ મિસાઈલને એવી રીતે વિકસાવવામાં આવી છે કે તે <u>ઈન્ટરસેપ્ટર મિસાઈલને</u> હરાવવામાં સક્ષમ છે.
- અને હવામાં ચોક્કસ રેન્જને આવરી લીધા બાદ તેનો માર્ગ બદલવાની ક્ષમતા પણ ધરાવે છે.
- તે <u>ઘન પ્રોપેલન્ટ રોકેટ મોટર</u> અને ઘણી નવી ટેક્નોલોજી દ્વારા સંચાલિત છે.
- મિસાઈલ માર્ગદર્શન પ્રણાલીમાં અત્યાધુનિક નેવિગેશન સિસ્ટમ અને સંકલિત એવિઓનિક્સનો સમાવેશ થાય છે.
- પ્રલય મિસાઈલની રેન્જ <u>150 થી 500 કિ.મી.</u> સુધીની છે.
- તે <u>350 થી 700</u> કિગ્રા સુધીના પરંપરાગત ઓર્ડનન્સ વહન કરવામાં સક્ષમ છે.
- આ મિસાઈલ <u>મોબાઈલ લોન્ચરથી</u> પણ લોન્ચ કરી શકાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહત્વ

તે વ્યૂહાત્મક યુદ્ધક્ષેત્રની ગતિશીલતાને સંપૂર્ણપણે બદલી નાખશે. અને ભારત પાસે બે લાંબા અંતરની પરંપરાગત મિસાઈલો હશે.

- '<u>બ્રહ્મોસ</u>' ક્રૂઝ મિસાઈલનો વિકલ્પ હશે, જ્યારે '<u>પ્રલય</u>' બેલિસ્ટિક મિસાઈલનો વિકલ્પ હશે.
- પ્રલય એ બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ સાથે ભારતની આયોજિત '<u>રોકેટ ફોર્સ</u>' યોજનાનો આધાર બનાવશે.




1. 'શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 નવેમ્બર (B) 8 નવેમ્બર (C) 9 નવેમ્બર (D) 10 નવેમ્બર **(D)**

2. નીચેના પૈકી કયા દિવસે 'પરિવહન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 7 નવેમ્બર (B) 8 નવેમ્બર (C) 9 નવેમ્બર (D) 10 નવેમ્બર **(D)**

3. તાજેતરમાં કઈ સંસ્થાએ CSR પોર્ટલ લોન્ચ કર્યુ છે ?

(A) IREDA (B) HAL (C) ISRO (D) IMCR **(A)**

4. તાજેતરમાં ભારત દ્વારા 'પ્રલય' વ્યૂહાત્મક બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ 'પ્રલય' મિસાઈલ સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. પ્રલય એ ભારતની પ્રથમ પરંપરાગત અર્ધ–બેલિસ્ટિક મિસાઈલ છે. તેને DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.
2. આ રોકેટના એન્જિનનું નિર્માણ દક્ષિણ કોરિયા દ્વારા કરવામાં આવ્યું છે.
3. મિસાઈલ માર્ગદર્શન પ્રણાલીમાં અત્યાધુનિક નેવિગેશન સિસ્ટમ અને સંકલિત એવિઓનિક્સનો સમાવેશ થાય છે.
4. પ્રલય મિસાઈલની રેન્જ 150 થી 500 કિ.મી. સુધીની છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અન્ય મહત્વનું

# ONE LINER

## CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની શાનદાર ઉજવણી**



15મી ઓગસ્ટે દિલ્હીના લાલ કિલ્લા ખાતે યોજાતો સ્વાતંત્રતા પર્વનો સંગ્રામ, 26મી જાન્યુઆરીએ દિલ્હીના કર્તવ્ય પથ પર પરેડ યોજાય છે. તેમ હવે 31મી ઓક્ટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં નર્મદાના કિનારે રાષ્ટ્રીય એકતા દિવસ કાર્યક્રમના સમન્વય થકી રાષ્ટ્રીય ઉત્થાનની ત્રિશક્તિ તરીકે પ્રસ્થાપિત થયો છે. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે આવનારા 25 વર્ષ ભારત માટે આ સદીના સૌથી મહત્ત્વપૂર્ણ 25 વર્ષ છે. રાષ્ટ્રીય એકતા દિવસની પરેડમાં CRPF, BSF, આસામ, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર પોલિસ અને NCCના પ્લાટૂન ઉપરાંત તમામ રાજ્યો અને કેન્દ્રીય પોલીસ દળોના પ્રતીક સ્વરૂપે 54 ફ્લેગ બેરરે ભાગ લીધો હતો. આ ઉપરાંત શ્રીનગર, સિલોંગ, કન્યાકુમારીથી એકતાનગર મોટર સાઈકલ પર પહોંચેલી CRPFની મહિલા ડેર ડેવીલ્સ યશસ્વીનીએ માતૃભૂમિ પ્રત્યે જયઘોષ કર્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત CRPFની 60 મહિલા બાઈકર્સની ટીમ 'યશસ્વિની' દ્વારા સશક્તીકરણ, એકતા અને સમાવેશકર્તાના સંદેશ સાથે 3 ઓક્ટોબરે 150 મહિલા બાઈકર્સ તમિલનાડુના કન્યાકુમારીથી નિકળી કેરળ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર થઈને ગુજરાત પહોંચી હતી.

➤ **કલોલમાં IFFCOનો નેનો DAP (લિક્વિડ) પ્લાન્ટ જનસમર્પિત**



દેશની મોટી સહકારી સંસ્થાઓમાંની એક સંસ્થા IFFCOએ નેનો DAP પ્લાન્ટ તૈયાર કર્યો છે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગરના કલોલ ખાતે IFFCOના નેનો DAP (લિક્વિડ) પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. IFFCOનું કલોલ યુનિટ ગ્રીન ટેક્નોલોજી આધારિત નેનો DAPની લગભગ 42 લાખ બોટલનું ઉત્પાદન કરશે. જેનો ચોક્કસપણે ખેડૂતોને ફાયદો થશે.

➤ **દેશના કાર્ગો હેન્ડલિંગમાં ગુજરાતનું 39 ટકા યોગદાન**

મુંબઈમાં આયોજિત ત્રીજી ગ્લોબલ મેરિટાઈમ ઈન્ડિયા સમિટ-2023ના સમાપન સત્રમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત એક મેજર અને 48 નોન મેજર પોર્ટ્સ દ્વારા દેશના કાર્ગો હેન્ડલિંગમાં 39 ટકાનું યોગદાન આપતું રાજ્ય છે. લોજિસ્ટિક્સ ઈન્ડેક્સમાં પણ ગુજરાત અગ્રેસર છે અને અલંગ શિપ બ્રેકિંગ ફેસિલિટીના પરિણામે દેશને શિપ રિસાઈકલિંગમાં વિશ્વમાં બીજા નંબરનું સ્થાન મળ્યું છે.

## ભારત

➤ **ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રૂઝ લાઈનરને લીલી ઝંડી**



તાજેતરમાં કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રીશ્રીએ મુંબઈથી ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રૂઝ લાઈનર જહાજ કોસ્ટા સેરેનાની પ્રથમ સફરને લીલી ઝંડી આપી હતી. આ પહેલ 'દેખો અપના દેશ' અભિયાનને અનુરૂપ છે, જે પ્રવાસનને પ્રોત્સાહન આપવાના સરકારના ખ્યાલ ઉપર ભાર મૂકે છે. ક્રૂઝ અને દીવાદાંડી પર્યટનનો વિકાસ એ સાગરમાલા પ્રોજેક્ટનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય 2030 સુધીમાં એશિયા–પેસિફિક ક્ષેત્રમાં ભારતને મુખ્ય ક્રૂઝ હબ તરીકે સ્થાપિત કરવાનો છે. તે ભારતમાં ક્રૂઝ મુસાફરોની વાર્ષિક સંખ્યા વર્તમાન 4.72 લાખથી વધારીને વર્ષ 2030 સુધીમાં 18 લાખ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. ભારત 2047 સુધીમાં 25 ઓપરેશનલ ક્રૂઝ ટર્મિનલ ધરાવવાની યોજના ધરાવે છે, જેની અંદાજિત વાર્ષિક પેસેન્જર ક્ષમતા 5 લાખ હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **એલિફન્ટ કોરિડોર રિપોર્ટ 2023નું જટિલ મૂલ્યાંકન**



કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પ્રકાશિત કરવામાં આવેલ 'એલિફન્ટ કોરિડોર રિપોર્ટ, 2023'માં ઘણી વિસંગતતા ઓળખવામાં આવી છે. વિવેચકો દલીલ કરે છે કે કોરિડોરનું પ્રારંભિક મહત્ત્વ ઓછું થઈ ગયું છે કારણ કે તે કોઈપણ સ્થાનનો ઉલ્લેખ કરવા માટે સામાન્ય પ્રથા બની ગઈ છે જ્યાં હાથીઓ કોરિડોર તરીકે આગળ વધે છે. વર્ષ 2005-06માં પ્રોજેક્ટ એલિફન્ટ કોરિડોર અંગે રાજ્યોને સૂચનાઓ જારી કરી હતી. તે જણાવે છે કે જંગલ વિસ્તારોના કોરિડોરે વન્ય જીવન (સંરક્ષણ) અધિનિયમ, 1972માં ઉલ્લેખિત નિયમોનું પાલન કરવું જોઈએ. એલિફન્ટ કોરિડોર એ જમીનના પટ્ટા છે જે બે અથવા વધુ મૈત્રીપૂર્ણ રહેઠાણો વચ્ચે હાથીઓની હિલચાલને સક્ષમ કરે છે.

- **ઝિકા વાયરસ**

તાજેતરમાં કર્ણાટક રાજ્યના આરોગ્ય વિભાગે તાલકાયલાબેટ્ટા, ચિક્કાબલાપુરા ગામના મચ્છરના નમૂનાઓમાં ઝિકા વાયરસ મળી આવ્યા બાદ ચેતવણી જારી કરી હતી. ઝિકા વાયરસ એ મચ્છર દ્વારા ફેલાતા ફ્લેવી વાયરસ છે. અને જાહેર આરોગ્ય પર તેની અસર નોંધપાત્ર ચિંતાનો વિષય છે. તે ખાસ કરીને એડીસ મચ્છરો દ્વારા ફેલાય છે, મુખ્યત્ત્વે એડીસ એજીપ્ટી. તે સગર્ભાવસ્થા દરમિયાન માતાથી ગર્ભમાં, તેમજ શારીરિક સંપર્ક, રક્ત અને રક્ત ઉત્પાદનોના સ્થાનાંતરણ દ્વારા પણ પ્રસારિત થઈ શકે છે. ઝીકા વાયરસમાં આર.એન.એ. જીનોમ હોય છે. અને તેથી તે પરિવર્તનો એકઠા કરવાની ખૂબ ઊંચી ક્ષમતા ધરાવે છે. જીનોમેટિક અભ્યાસોએ દર્શાવ્યું કે ઝિકા વાયરસ બે પ્રકારના છે : આફ્રિકન અને એશિયન. આ વાયરસ પ્રથમ વખત 1947માં યુગાન્ડાના ઝિકા જંગલમાં ચેપગ્રસ્ત વાંદરાઓમાં જોવા મળ્યો હતો અને આ વાયરસનો ચેપ 1952માં યુગાન્ડા અને તાંઝાનિયામાં નોંધાયો હતો. 2007થી આફ્રિકા, અમેરિકા, એશિયા અને પેસિફિક ક્ષેત્રમાં તેનો પ્રકોપ વધ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **પ્રવાસન મંત્રાલયએ WTM લંડન 2023માં 'અતુલ્ય ભારત'નું પ્રદર્શન કર્યું**

ભારતનું પ્રવાસન મંત્રાલય વિવિધ હિતધારકો સાથે 6 નવેમ્બર થી 8 નવેમ્બર, 2023 દરમિયાન વર્લ્ડ ટ્રાવેલ માર્કેટ (WTM) લંડનમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યું છે. પ્રવાસન મંત્રાલયે WTM 2023 લંડન ખાતે 'ઈનક્રેડિબલ ઈન્ડિયા પેવેલિયન' (અથવા અતુલ્ય ભારત) થીમ હેઠળ પ્રવાસીઓ માટે પ્રવાસન ઉત્પાદનોની વિવિધ શ્રેણી અને પરિવર્તનકારી અનુભવો પ્રદર્શિત કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે. WTM 2023માં ભારતના વિવિધ પ્રદેશોમાંથી ટૂર ઓપરેટર્સ, ડેસ્ટિનેશન મેનેજમેન્ટ કંપનીઓ અને રાજ્યના પ્રવાસન વિભાગો સહિત 47 સહભાગીઓ છે. આ ઈવેન્ટ ટ્રાવેલ એજન્સીઓ, ટૂર ઓપરેટર્સ, એરલાઈન્સ, હોટલીયર્સ, ક્રૂઝ લાઈન્સ, ટ્રાવેલ ટેક્નોલોજી પ્રદાતાઓ અને પ્રવાસન બોર્ડ સહિત વિવિધ પ્રકારના પ્રતિભાગીઓને આકર્ષે છે.

➤ **લોઅર સુબાનસિરી હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ**



લોઅર સુબાનસિરી હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ એ ભારતમાં નિર્માણધીન સૌથી મોટો હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ છે. એક ભૂસ્ખલનને કારણે પ્રોજેક્ટની એકમાત્ર કાર્યકારી ડાયવર્ઝન ટનલ અવરોધિત થઈ અને ડેમની નીચેની તરફ પાણીના પ્રવાહમાં વિક્ષેપ પડ્યો છે. બ્રહ્મપુત્રાની મુખ્ય ઉપનદી સુબનસિરી નદી પર તેની નોંધપાત્ર પ્રતિકૂળ અસર થઈ છે. પરિણામે નદીના પટ સુકાઈ ગયા અને જળચર જીવ જોખમમાં મૂકાયા છે. લોઅર સુબાનસિરી હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ એ એક રન–ઓફ–રિવર યોજના છે. તે અરૂણાચલ પ્રદેશ અને આસામની સરહદ પર વહેતી સુબનસિરી નદીની સંભવિતતાનો ઉપયોગ કરીને 2000 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. આ પ્રોજેક્ટ નેશનલ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન (NHPC) દ્વારા લાગુ કરવામાં આવી રહ્યો છે.

## વિશ્વ

➤ **નદી ડોલ્ફિન માટે વૈશ્વિક ઘોષણા**



તાજેતરમાં એશિયન અને દક્ષિણ અમેરિકાના 11 દેશોને બોગોટા, કોલંબિયામાં વિશ્વની નદી ડોલ્ફિનની છ જીવિત પ્રજાતિઓને લુપ્ત થવાથી બચાવવા માટે એક ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. 1980ના દાયકાથી નદીની ડોલ્ફિનની સંખ્યામાં આશ્ચર્યજનક 73% ઘટાડો થયો છે, આ ઐતિહાસિક કરાર આ ભયંકર પરિસ્થિતિ સામેની લડતમાં આશાનું કિરણ પૂરું પાડે છે. નદી ડોલ્ફિન માટે વૈશ્વિક ઘોષણાનો ઉદ્દેશ્ય તમામ નદી ડોલ્ફિન પ્રજાતિઓના ઘટાડાને રોકવા અને સંયુક્ત પ્રયાસો દ્વારા સૌથી વધુ સંવેદનશીલ વસતીને મજબૂત કરવાનો છે. આ ઘોષણા ગિલનેટ નાબૂદ કરવા, પ્રદૂષણ ઘટાડવા, સંશોધન પહેલને વિસ્તારવા અને નદીની ડોલ્ફિન પ્રજાતિઓને બચાવવા માટે સંરક્ષિત વિસ્તારો બનાવવા જેવા પગલાની રૂપરેખા બનાવવામાં મદદ કરે છે. જે દેશોએ આ ઘોષણા સ્વીકારી છે તેમાં બાંગ્લાદેશ, બોલિવિયા, બ્રાઝિલ, કંબોડિયા, એકવાડોર, ભારત, નેપાળ, પાકિસ્તાન, પેરુ અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે. ઈન્ડોનેશિયામાં પ્રાદેશિક સરકારનો એક પ્રતિનિધિ પણ છે જેની પાસે મહાકામ નદીની જવાબદારી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **નેપાળમાં ભૂકંપ**

તાજેતરમાં નેપાળમાં 6.4ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપનો આંચકો આવ્યો હતો. જેના કારણે નેપાળના અનેક વિસ્તારોમાં ભારે નુકશાન થયું છે. આ ભીષણ ધરતીકંપને કારણે 157થી વધુ લોકોના મૃત્યુ થયા હતા. આ ઉપરાંત અસંખ્ય લોકોને ઈજા થઈ હતી. 6.4ની તીવ્રતાના ભૂકંપ પછી ત્યાં 4.6 અને 4.5 તેમજ 4.2ના આફટર શોક પણ આવ્યા હતા. ભૂકંપનું કેન્દ્ર–બિંદુ કાઠમંડુથી 331 કિ.મી. ઉત્તર–પશ્ચિમમાં જમીનની નીચે 10 કિ.મી. ઊંડું હતું. ઝાઝરકોટ અને રુકુમ જિલ્લામાં ભૂકંપની સૌથી વધુ અસર જોવા મળી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિક્યુરિટી સમિટ, 2023**

ઈંગ્લેન્ડના બ્લેચલે પાર્ક ખાતે આયોજિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સુરક્ષા સમિટ 2023, ફ્રન્ટીયર AI ટેક્નોલોજી દ્વારા ઊભા કરાયેલા પડકારોને પહોંચી વળવા માટે વૈશ્વિક અભિગમમાં મોટો ફેરફાર દર્શાવે છે. આ પડકારોનો સામનો કરવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ, ચીન, ભારત અને યુરોપિયન યુનિયન સહિત 28 મોટા દેશોએ આ પ્રથમ AI સુરક્ષા સમિટમાં બ્લેચલી પાર્ક ઘોષણા પર હસ્તાક્ષર કર્યા છે. આ ઐતિહાસિક ઘોષણા અદ્યતન AI સિસ્ટમના સંભવિત જોખમો અને ફાયદાઓને સંબોધવા માટે સામુહિક સમજ અને સંકલિત અભિગમ બનાવવાનો પ્રયાસ કરે છે, જે ફ્રન્ટિયર AI તરીકે ઓળખાય છે.






1. તાજેતરમાં _____ ખાતે ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA)ની છઠ્ઠી એસેમ્બલીનું આયોજન કરવામાં આવ્યું હતું. – ભારત મંડપમ, નવી દિલ્હી
2. કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$)ને કાર્બન મોનોક્સાઈડ (CO)મા રૂપાંતરિત કરવા માટે એક નવી તકનીક _____ ખાતે નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન કાર્બન કેપ્ચર એન્ડ યુટિલાઈઝેશન (NCOE-CCU) દ્વારા વિકસાવવામાં આવી રહી છે. – IIT બોમ્બે
3. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2023નું શુભંકર અથવા માસ્કોટ શું હતું ? – મિલઈડ (એક રોબર્ટ)
4. એક નવા અભ્યાસ મુજબ કઈ પ્રજાતિનું માથું આખા શરીર પર હોય છે ? – સ્ટાર ફિશ
5. ‘સ્ટેટ ઓફ ક્લાઈમેટ સર્વિસ’ એ કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવેલ વાર્ષિક અહેવાલ છે ? – WMO
6. ‘રાષ્ટ્રીય કાર્યક્ષમ રસોઈ કાર્યક્રમ’ કઈ સંસ્થા સાથે સંકળાયેલ છે ? – EESL
7. કઈ સંસ્થા ‘પરિવારોની મોંઘવારી અપેક્ષા સર્વે’ (Inflaction Expectations Survey of Households) હાથ ધરે છે ? – RBI
8. તાજેતરમાં કઈ સંસ્થાએ ‘ઈમ્પેક્ટ ઓફ ડિઝાસ્ટર ઓન એગ્રીકલ્ચર એન્ડ ફૂડ સિક્યુરિટી’ પ્રકાશિત કરી હતી ? – FAO
9. તાજેતરમાં કોણે ઈકોલોજીકલ થ્રેટ રિપોર્ટ 2023 બહાર પાડ્યો હતો ? – ઈન્સ્ટિટયૂટ ફોર ઈકોનોમિક્સ એન્ડ પીસ (IEP)
10. ‘રોડ એક્સિડન્ટ્સ ઈન ઈન્ડિયા-2022’ રિપોર્ટ અનુસાર કયા રાજ્યમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુની ટકાવારી સૌથી વધુ છે ? – મધ્યપ્રદેશ
11. વિશ્વના પ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સેફટી એગ્રીમેન્ટનું નામ શું છે ? – બ્લેચલી ઘોષણા
12. તાજેતરમાં કયો ક્રિકેટર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ટાઈમઆઉટ થનાર પ્રથમ ખેલાડી બન્યો છે ? – શ્રી એન્જેલો મેથ્યુઝ (શ્રીલંકા)
13. કૃત્રિમ વરસાદનો ઉપયોગ કરીને દિલ્હીના વાયુ પ્રદૂષણની કટોકટીનો સામનો કરવા માટે કઈ ભારતીય સંસ્થાએ ઉકેલ વિકસાવ્યો છે ? – IIT કાનપુર
14. સુલતાન ઓફ જોહોર કપ 2023માં ભારતીય જુનિયર હોકી ટીમે કયો મેડલ જીત્યો છે ? – બ્રોન્ઝ
15. શાળાઓ અને કોલેજોમાં વ્યવસ્થિત મતદારોનું શિક્ષણ અને ચૂંટણી ભાગીદારી (SVEEP) એ _____ ની મુખ્ય યોજના છે. – ભારતીય ચૂંટણી પંચ (ECI)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. કોલિન્સ ડિક્શનરી દ્વારા કયો શબ્દ વર્ષ 2023ના શ્રેષ્ઠ શબ્દ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો ? – AI

17. ટાઈમ મેગેઝિનના કવર પર વિશ્વના સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર મહિલા સરકારના વડા તરીકે કોને દર્શાવવામાં આવ્યા હતા ? – શ્રીમતી શેખ હસિના

18. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ કલ્યાણ યોજના કેટલા વર્ષ સુધી લંબાવી છે ? – 5 વર્ષ

19. નવેમ્બર, 2023માં શૈક્ષણિક સંબંધોને મજબૂત કરવા માટે કયા દેશે ભારત સાથે MoU કર્યા હતા ? – UAE

20. વન–ડે વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારત માટે સૌથી વધુ વિકેટ લેનાર બોલર કોણ છે ? – શ્રી મોહમ્મદ શમી

21. રફાહ બોર્ડર ક્રોસિંગ કયા બે વિસ્તાર વચ્ચે આવેલું છે ? – ઈજિપ્ત–ગાઝા પટ્ટી

22. હુરુન ઈન્ડિયા ફિલાન્થ્રોપી લિસ્ટ 2023માં કોણ ટોચ પર છે ? – શિવનાદર (HCL ટેક્નોલોજીના સ્થાપક)

23. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે તેના રાજ્યપાલના પેન્ડિંગ બિલોને લઈને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે ? – કેરળ

24. ટાઈપ–2 ડાયાબિટીસ થવાના જોખમ સાથે સૌથી વધુ મજબૂત રીતે સંકળાયેલું હવા પ્રદૂષક શું છે ? – PM 2.5

25. 2023માં કેરળ સરકાર દ્વારા પ્રતિષ્ઠિત કેરળ જ્યોતિ એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો હતો ? – ટી. પદ્મનાભન

26. કયો દેશ 2024 વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન સ્ટાન્ડર્ડાઈઝેશન એસેમ્બલી (WTSA)નું આયોજન કરશે ? – ભારત

27. તાજેતરમાં ભારતે કયા દેશ સાથે ગતિશિલતા અને સ્થળાંતર ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – ઈટાલી

28. 2023માં ચાર વર્ષની મુદત માટે આર્મ્ડ ફોર્સિસ ટ્રિબ્યુનલ (AFT)ના અધ્યક્ષ તરીકે કોણ ફરીથી ચૂંટાયા છે ? – શ્રી રાજેન્દ્ર મેનન

29. મેકકિન્સે હેલ્થ ઈન્સ્ટિટ્યૂટ સર્વેક્ષણ મુજબ 2023માં કયા દેશમાં કાર્યસ્થળમાં સૌથી વધુ બર્નઆઉટનો દર છે ? – ભારત

30. કઈ સંસ્થાને હિંદુ બિઝનેસલાઈન અખબાર તરફથી 2023માં 'ચેન્જમેકર ઓફ ધ યર' એવોર્ડ મળ્યો હતો ? – RBI

31. નવેમ્બર, 2023માં RBIના નવા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી હતી ? – શ્રી મનોરંજન મિશ્રા

32. નવેમ્બર, 2023માં કયા ભારતીય શહેરે ત્રણ દિવસીય 'ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ શો'નું આયોજન કર્યું હતું ? – બેંગ્લુરુ

33. પ્રવાસનને વેગ આપવા માટે કયા દેશે 10 નવેમ્બર થી 10 મે, 2024 સુધી ભારતીય નાગરિકો માટે વિઝા મુક્ત પ્રવેશની જાહેરાત કરી હતી ? – થાઈલેન્ડ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

34. ભારતમાં કયું રાજ્ય યાત્રાધામ પ્રવાસનને વેગ આપવા માટે માઈક્રોસાઈટ્સની શ્રેણી શરૂ કરવા તૈયાર છે ?– કેરળ

35. કયું મંત્રાલય ‘વોટર ફોર વોટર, વોટર ફોર વૂમન’ અભિયાન શરૂ કરી રહ્યું છે ?

– આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય

36. કઈ ભારતીય કંપનીએ આશરે રૂ.148 કરોડમાં મર્કેટર પેટ્રોલિયમ હસ્તગત કર્યુ છે ?

– ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન

37. _____ બેંક ઓફ મહારાષ્ટ્રમાં નવા નિયુક્ત એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. – શ્રી રોહિત ઋષિ

38. શ્રી અમિતભાઈ શાહએ ગાંધીનગર જિલ્લાના _____ ગામ ખાતે સમૌ શહીદ સ્મારકનું લોકાર્પણ કર્યુ છે. – સમૌ

39. કયા શહેરમાં રાજ્ય કક્ષાના નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી ? – અમદાવાદ

40. તાજેતરમાં _____ સ્થળે ઓલ ઈન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશિપ યોજાઈ હતી.

– સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ

41. _____ સ્થળે ‘મેરી માટી મેરા દેશ’ અભિયાન અંતર્ગત અમૃત કળશ મહોત્સવ યોજાયો હતો. – અમદાવાદ

42. કયા રાજ્યને ગ્લોબલ રિસ્પોન્સિબલ ટુરિઝમ એવોર્ડ 2023 મળ્યો છે ? – કેરળ

43. તાજેતરમાં ICC વર્લ્ડ કપમાં કયા ઓસ્ટ્રેલિયન બેટ્સમેનએ રન ચેઝમાં બેવડી સદી ફટકારી છે ?

– શ્રી ગ્લેન મેક્સવેલ

44. કઈ સંસ્થાએ ‘2024 એશિયા–પેસિફિક હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ’ બહાર પાડ્યો છે ? – UNDP

45. તાજેતરમાં યુરોપીય અવકાશ મંત્રીઓની બે દિવસીય સમિટનું આયોજન કયા દેશે કર્યુ હતું, જેને ‘સ્પેસ સમિટ’ તરીકે ઓળખવામાં આવે છે ? – સ્પેન

46. એક મહિનામાં 16 મિલિયન મેટ્રિક ટન (MMT) કાર્ગો કરનાર દેશનું પ્રથમ બંદર કયું છે ? – મુન્દ્રા પોર્ટ

47. _____ ન્યૂઝિલેન્ડ ક્રિકેટ બોર્ડના પ્રથમ મહિલા પ્રમુખ બન્યા છે. – સુશ્રી ડાયેના પ્રકેતાપુ લિંડન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®





# Diwali Gift For You

## ધોરણ 6 થી 12

## GCERTના વિષયવાર વિડીયો લેક્ચર

| તારીખ | વિષય | સમય |
|---|---|---|
| 9-11-2023 | આધુનિક ભારતનો ઈતિહાસ | 10:00 AM |
| 11-11-2023 | સાંસ્કૃતિક વારસો | 10:00 AM |
| 13-11-2023 | ભુગોળ | 10:00 AM |
| 16-11-2023 | બંધારણ | 10:00 AM |
| 18-11-2023 | સામાન્ય વિજ્ઞાન | 10:00 AM |
| 20-11-2023 | GK ટ્રીક્સ | 10:00 AM |

Only On ICERAJKOT


ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
दीपावली
ઓફર
50%
DISCOUNT
(+ કુરિયર ચાર્જ અલગથી )
આ ઓફર ફક્ત
20 નવેમ્બર, 2023 સુધી જ
English Grammar
GPSC
આ તમામ પુસ્તક www.iceonline.in પર ઉપલબ્ધ છે.


ICE
दीपावली
ઓફર
35%
DISCOUNT
₹360/-
₹234/-
+ કુરિયર ચાર્જ
આ ઓફર ફક્ત નવેમ્બર, 2023 સુધી જ
GSRTC
કંડક્ટર-ડ્રાઇવર
7000+ વનલાઇનર
આ પુસ્તક www.iceonline.in પર ઉપલબ્ધ છે.

यु जमीन पर बैठ क्यों आसमान देखता है।
खोल पंखो को, ये जमाना उड़ान देखता है ॥

# PSI-કોન્સ્ટેબલ

## પરીક્ષાની તૈયારીનો એક નવો યુગ...

## નવી બેચ ટૂંક સમયમાં..



વિશેષ માહિતી માટે અત્યારે જ કોલ કરો
(સવારે 10 થી 7)

OFFLINE
રાજકોટ | 93280 01110

સ્વામિનારાયણ મંદિર પાસે,
કાલાવડ રોડ, રાજકોટ.

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT